# આર્કિયોલોજીકલ સર્વે ઑફ ઈન્ડિયાના ફોર્મર ડાયરેક્ટર બી.બી. લાલે કહ્યું કે,

# હડપ્પા સમયે સ્ત્રીઓ માંગમાં સિંદૂર પુરતી હતી

સિટી રિપોર્ટર @ahm_cb

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (આઈઆઈટી) ગાંધીનગર ખાતે ભારતીય સંસ્કૃતિના મૂળીયા કેટલા વર્ષ જૂના છે તે વિષય પર આર્કિયોજીકલ સર્વે ઑફ ઈન્ડિયાના ફોરમલ ડાયરેક્ટર બી.બી. લાલે સ્ટુડન્ટ્સને હડપ્પા સંસ્કૃતિ સાથે જોડાયેલા રહસ્યો ઉજાગર ક્યા હતા. હડપ્પા સંસ્કૃતિ વિશે વાત કરતા બી.બી.લાલે કહ્યું કે, 'હડપ્પા સંસ્કૃતિ પર ભારતના આર્કિયોજીકલ ડિપાર્ટમેન્ટ દ્વારા થયેલા સંશોધનોમાં ઘણી હાલની પ્રથાઓ સામે આવી છે. જેની કડી ભારત સાથે જોડાયેલી છે. જેમ કે હડપ્પા સમયે પણ વિવાહિત સ્ત્રીઓ પોતાની માંગમાં સિંદૂર પુરતી હતી.'



● બી.બી. લાલે આઈઆઈટી ખાતે હડપ્પા સંસ્કૃતિ વિશે વાત કરી

## આર્કિયોલોજીકલ સર્વે-રિસર્ચમાં વિદ્યાર્થીઓ એ જોડાવવું જોઈએ

આર્કિયોજીકલ સર્વે અને તેમાં થતાં સંશોધન વિશે વાત કરતા બી.બી.લાલે કહ્યું કે 'હડપ્પા સંસ્કૃતિ આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાની ઝાંખી છે. આ ક્ષેત્રમાં ઘણા બધા સંશોધનો હાલ થઈ રહ્યા છે પણ તેનાથી પણ વધારે સંશોધનો થવા જોઈએ.

**Title:** Women have been using vermillion since Harappa
**Source:** Divya Bhaskar Page No_03
**Date:** 09/09/2016